**નવી બાબત વર્ષ ૨૦૨૫-૨૬**

ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી સંચાલિત ઈ.એમ.આર.એસ. ધરમપુર તથા જી.એલ.આર.એસ. - ધરમપુર, સાલોજ, કડાણા, સુથારપાડા અને કરચોંડ શાળા સંકુલના બાંધકામ અંગેની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.

**ગુજરાત સરકાર**

**આદિજાતિ વિકાસ વિભાગ**

**ઠરાવ ક્રમાંક: TDD/EMR/e-file/25/2024/0993/P**

**સચિવાલય, ગાંધીનગર.**

**વંચાણે લીધા:**

(૧) ગુજરાત પોલીસ આવાસ નિગમ લી.નો તા.૨૭/૧૧/૨૦૨૪નો પત્ર ક્રમાંક: ગુપોહા/ટેક/સ્થપતિ/૩૧૪૫/૭૬૨૧/૨૦૨૪.

(૨) ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટીનો તા.૧૦/૧૨/૨૦૨૪નો પત્ર ક્રમાંક:GSTES/NI/e-file/237/2024/0082/Civil.

**પ્રસ્તાવના:**

ગુજરાત પોલીસ આવાસ નિગમ લી.ના વંચાણે લીધા ક્રમાંક:(૧) પરના પત્રથી ઈ.એમ.આર.એસ. ધરમપુર, જી.એલ.આર.એસ. ધરમપુર, જી.એલ.આર.એસ. સાલોજ અને જી.એલ.આર.એસ. કડાણાના બાંધકામ માટે અંદાજીત કુલ રૂ.૨૯૩.૮૪ કરોડ (શાળાદીઠ રૂ.૭૩.૪૬ કરોડ ધ્યાને લેતા ૪ શાળાઓ માટે ૪*૭૩.૪૬ કરોડ = ૨૯૩.૮૪ કરોડ)ના બ્લોક કોસ્ટ રજૂ કરેલ હતા. આ કામોના બ્લોક કોસ્ટને ધ્યાને લેતા જી.એલ.આર.એસ. સુથારપાડા અને જી.એલ.આર.એસ. કરચોંડ માટે કુલ રૂ.૧૪૬.૯૨ કરોડ (૨*૭૩.૪૬ = ૧૪૬.૯૨ કરોડ) ના બ્લોક કોસ્ટ નક્કી કરેલ છે. આમ, સદર બાંધકામ માટે અંદાજીત કુલ રૂ. ૪૪૦.૭૬ કરોડના અંદાજો નક્કી થયેલ હતા.

ભારત સરકાર દ્વારા આ શાળાઓ માટે કુલ મળી રૂ.૩૧.૨૦ કરોડપૈકી રૂ.૧૯.૨૦ કરોડ મંજૂર કરેલ હતા તથા બાકી રહેતા રૂ.૧૨.૦૦ કરોડ માટે દરખાસ્ત કરવામાં આવનાર છે. તેમજ રાજ્ય સરકાર દ્વારા ઈ.એમ.આર.એસ. ધરમપુર માટે વર્ષ ૨૦૧૬-૧૭માં રૂ. ૪.૫૦ કરોડ અને વર્ષ ૨૦૧૭-૧૮માં રૂ. ૬.૯૩ કરોડ, એમ કુલ રૂ. ૧૧.૪૩ કરોડ અને જી.એલ.આર.એસ. ધરમપુર માટે વર્ષ ૨૦૧૭-૧૮માં રૂ. ૩.૩૩ કરોડ અને વર્ષ ૨૦૧૮-૧૯ માં રૂ. ૩.૦૦ કરોડ, એમ કુલ રૂ. ૬.૩૩ કરોડ, એમ બન્ને શાળાઓના કામો માટે કુલ રૂ.૧૭.૭૬ કરોડ મંજૂર કરેલ હતા.

ઉક્ત વિગતે, ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટીના વંચાણે લીધા ક્રમાંક: (૨) પરના પત્રથી ઉક્ત ૬ શાળાઓના બાંધકામ માટે વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં કુલ રૂ.૪૪૦.૭૬ કરોડની વહીવટી મંજૂરી આપવા તથા રૂ.૬.૦૦ કરોડની ટોકન જોગવાઈ કરવા અંગેની મંજૂરી આપવા દરખાસ્ત કરેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાના અંતે, ઈ.એમ.આર.એસ. ધરમપુર, જી.એલ.આર.એસ. ધરમપુર, જી.એલ.આર.એસ. સાલોજ, જી.એલ.આર.એસ. કડાણા, જી.એલ.આર.એસ. સુથારપાડા અને જી.એલ.આર.એસ. કરચોંડના સંકુલોના બાંધકામ માટેનીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ કુલ પ્રોજેક્ટ કોસ્ટ રૂ.

૪૪૦.૭૬ કરોડ (ચારસો ચાલીસ કરોડ છોત્તેર લાખ પુરા) પૈકી વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં થયેલ રૂ. ૬.૦૦ કરોડ (રૂપિયા છ કરોડ)ની ટોકન જોગવાઈને નીચેની શરતોને આધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(રૂ. કરોડમાં)

| ક્રમાંક | કામનું નામ | કામની અંદાજીત રકમ | આર્ટીકલ ૨૭૫(૧) અન્વયે મંજૂર થયેલ ગ્રાન્ટની રકમ | અગાઉ રાજ્ય સરકાર દ્વારા મંજૂર થયેલ રકમ | રાજ્ય સરકાર પાસેથી મેળવવાની થતી ગેપ ફંડની રકમ | વર્ષ ૨૦૨૫-૨૬માં નવી બાબત તરીકે મંજૂર થયેલ ટોકન જોગવાઈ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | ઈ.એમ.આર.એસ. ધરમપુર, વલસાડ | ૭૩.૪૬ | ૧.૨૦ | ૧૧.૪૩ (વર્ષ: ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮) | ૪૪.૪૧ | ૧.૦૦ |
| ૨ | જી.એલ.આર.એસ. ધરમપુર, વલસાડ | ૭૩.૪૬ | ૬.૦૦ | ૬.૩૩ (વર્ષ: ૨૦૧૭-૧૮ અને ૨૦૧૮-૧૯) | ૪૪.૭૧ | ૧.૦૦ |
| ૩ | જી.એલ.આર.એસ. સાલોજ, છોટાઉદેપુર | ૭૩.૪૬ | ૬.૦૦ | ૦.૦૦ | ૫૧.૦૪ | ૧.૦૦ |
| ૪ | જી.એલ.આર.એસ. કડાણા, મહીસાગર | ૭૩.૪૬ | ૬.૦૦ | ૦.૦૦ | ૫૧.૦૪ | ૧.૦૦ |
| ૫ | જી.એલ.આર.એસ. સુથારપાડા, વલસાડ | ૭૩.૪૬ | ૬.૦૦ (દરખાસ્ત કરવામાં આવશે) | ૦.૦૦ | ૫૧.૦૪ | ૧.૦૦ |
| ૬ | જી.એલ.આર.એસ. કરચોંડ, વલસાડ | ૭૩.૪૬ | ૬.૦૦ (દરખાસ્ત કરવામાં આવશે) | ૦.૦૦ | ૫૧.૦૪ | ૧.૦૦ |
| કુલ | | ૪૪૦.૭૬ | ૩૧.૨૦ | ૧૭.૭૬ | ૨૯૩.૨૮ | ૬.૦૦ |

**શરતો:**

૧. બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટીએ તત્કાલીન પ્રવર્તમાન S.O.R મુજબ નકશા-અંદાજો તૈયાર કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે. સદર બાંધકામ અંગેની ટાઈપ ડીઝાઈન માર્ગ અને મકાન વિભાગ પાસેથી અથવા નિયત થયેલ સંસ્થા પાસેથી તૈયાર કરવાની રહેશે.

૨. બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

૩. આ કામ માટે જમીન સંપાદન કરવાની જરૂરીયાત હોય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી વિભાગ કક્ષાએ સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે અને જમીન સંપાદન અંગેની કામગીરી પૂર્ણ કર્યા બાદ જ વર્ક ઓર્ડર આપવાના રહેશે.

૪. રેલ્વે, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની મંજૂરી કે જમીન સંપાદનની આવશ્યકતા જણાતી હોય તો આવી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે. આવા જરૂરી કલીયરન્સ મેળવવામાં જો વિલંબ થવાનું જણાય તો વર્કઓર્ડર આપતાં પહેલાં જરૂરી ચોકસાઈ કરી લેવાની રહેશે.

૫. જમીન સંપાદન/ પુન: સ્થાપન કે પુન: વસન વિ. કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે.

૬. સદર બાંધકામ અંગેની કામગીરી પ્રોજેક્ટને અસર ન થાયે તે રીતે નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.આ બાંધકામ અંગે જો કોઈ લીટીગેશન, પબ્લિક કોર્ટ કેસ પડતર હોય તો પ્રોજેક્ટને અસર ન થાય તે રીતે નિયત સમયમર્યાદામાં યોગ્ય નિકાલ કરવાનો રહેશે.

૭. આ યોજનાની અમલવારી અર્થે કોઈ અન્ય વિભાગ સાથેના Linkagesની કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે

૮. આ કામની ડિઝાઈન તૈયાર કરતી વખતે અને યોજનાના અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૯. મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.

૧૦. બાંધકામ અંગેની કામગીરી સંદર્ભે સરકારશ્રીની મંજૂરીથી જો કોઈ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવામાં આવી હોય તે સિવાયના બાંધકામના તમામ કિસ્સાઓમાં રાજય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરાવવાની રહેશે.

૧૧. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રર્વતમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૨. ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પધ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૩. સૂચિત કામો પૈકી જે કામો MNREGA હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો ખર્ચ MNREGA યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગેની વિભાગે તકેદારી રાખવાની રહેશે.

૧૪. જો મકાન તોડી પાડવાનું હોય તો મકાન તોડી પાડવાની અનુમતી સક્ષમ કક્ષાએથી મેળવ્યા બાદ ગ્રાંટ રીલીઝ કરવાનીગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટીએ તકેદારી રાખવાની રહેશે.

૧૫. કેન્દ્ર પુરસ્કૃત યોજના હોય તો ભારત સરકાર પાસેથી સમયસર નાણા મેળવવાના રહેશે તેમજ ભારત સરકાર દ્વારા નિયત કરેલ શરતોનું પાલન કરવાનું રહેશે.

૧૬. પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ તેના સુચારુ ઉપયોગ અને અમલવારી માટે operation and maintenance ની યોગ્ય વ્યવસ્થા અને આયોજન કરવાનું રહેશે.

૧૭. નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સુચનાઓનું વિભાગે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૮. સદર યોજના રાજ્ય સરકારના ફાળા સિવાય બાહ્ય સહાયિત, લોન કે કેંદ્રીય ફાળા થી કરવાની હોય તો તે સમયસર મેળવી લેવા અંગે જરૂરી કાર્યવાહી સમયસર કરવાની રહેશે.

૧૯. સમગ્ર પ્રોજેક્ટ તેની વહીવટી મંજુરીની મર્યાદામાં સમયસર પૂર્ણ થાય તે રીતે સમયબદ્ધ નાણાકીય આયોજન કરવાનું રહેશે. તે માટેના જરૂરી નાણાકીય સ્ત્રોત પાસેથી સમયસર ફંડ ઉપલબ્ધ થાય તેનું આયોજન કરવાનું રહેશે.

૨૦. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨૧. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૨૨. આ અંગેનો ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

૨૩. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૨૪. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે. જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

૨૫. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૨૬. સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

૨૭. Road and Building Department Resolution No. RBD/OAS/e-file/ 16/2022/0002/ Section C Dt.11/10/2023 થી પ્રસિધ્ધ થયેલ Standard Bidding Document (SBD) નું પાલન કરવાનું રહેશે.

Signature Not Verified
Signed by: Jaydevsinh K. Vaghela
Under Secretary
Date: 2025.04.01 10:53:24 +05:30

આ અંગેનો ખર્ચ વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં માંગણી ક્રમાંક: ૯૬, મુખ્ય સદર – ૪૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા સદર – ૦૨ અનુસૂચિત જનજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર – ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર – ૪૬ ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી દ્વારા મુડી મિલકતોનું સર્જન હેઠળ ચાલુ નાણાકીય વર્ષની જોગવાઇમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

જયદેવસિંહ વાઘેલા
ઉપસચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

**નકલ રવાના:**

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્ય મંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(આ.વિ.)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી (બજેટ), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (આ.વિ.), બ્લોક નં.૧૧/૮મો માળ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી(આ.વિ.), આદિજાતિ વિકાસની કચેરી, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- મહાલેખાકારશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ અને રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ પ્રસ્તુત ઠરાવને વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારુ.
- શાખા સિલેક્ટ ફાઈલ.

Signature Not Verified
Signed by:Jaydevsinh K. Vaghela
Under Secretary
Date: 2025.04.01 10:53:24 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign